```
Received on     :   17-06-2026
Registered on   :   17-06-2026
Decided  on     :   25-06-2026
Duration        :    Y   M  D
                     -   - 07
```


## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૯૨/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** લાખા પરબતભાઈ કોડીયાતર,
ઉ.વ.આ.૩૧, ધંધો–મજુરી,
રહે. લીરબાઈ પરા, રાજીવ નગર,
રામદેવપીર મંદીરની સામે, ગાંધીગ્રામ,
જુનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :–** પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧ મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ સી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૪૨૪૦૪૯૦/૨૦૨૪

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.સી.પાઠક
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એસ.ડી.જોટાણીયા

---

**-: હ ુ ક મ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ સી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૦૪૨૪૦૪૯૦/૨૦૨૪, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧ મુજબના ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અન્વયે આ આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એસ.ડી.જોટાણીયાનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એચ.બી.ચૌહાણ, પોલીસ સબ ઈન્સપેકટર, જૂનાગઢ સી.ડીવી.પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.સી.પાઠકનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ સી.ડીવી.પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૦૪૨૪૦૪૯૦/૨૦૨૪, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧ મુજબની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદીને બાતમી મળેલ કે હાલના કામના અરજદાર/આરોપીનાઓએ પોતાના કબજા ભોગવટાના ભાડે આપેલ મકાનમાં બહારના રાજયમાંથી પ્રતિબંધિત ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી રાખેલ છે તેમજ રેડ દરમ્યાન મકાનમાંથી વિદેશીદારૂની પેટી નંગ-૪૬, બોટલ નંગ-૧૭૧૬ મળી આવેલ છે. જો કે, સદરહુ મકાનના કબજેદાર સાજણ વીરા કોડીયાતર રહેલ

છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી રેડવાળી જગ્યાએથી પકડાયેલ નથી તેમજ આ કામના અરજદાર/આરોપીના કબજાના મકાનમાંથી મુદદામાલ મળી આવેલ નથી. વધુમાં આ કામે તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીને સાંકળતો પુરાવો મળી આવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, મુખ્ય આરોપી સાજણ વીરા કોડીયાતર રહેલ છે. જેઓના કબજા ભોગવટાના મકાનમાંથી વિદેશી દારૂ મળી આવેલ છે. વધુમાં એફ.આઈ.આર.ધ્યાને લેતા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવેલ તેનો ઉલ્લેખ કરેલ નથી તેમજ આ કામના અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામામાં જે ગુના દર્શાવેલ છે તે તમામ કેસો પુર્ણ થઈ ગયેલ છે. જયારે એકજ ગુનો પેન્ડીંગ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એસ.ડી.જોટાણીયાનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી મુખ્ય આરોપી છે. હાલના કામના અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ અન્ય ગુનો પણ નોંધવામાં આવેલ હતો. વધુમાં આ કામે મુદદામાલ ધ્યાને લેતા કુલ પ્રોહીબીશનનો મુદદામાલ ૬,૮૬,૪૦૦/- રહેલ છે. આ કામે અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેમજ આ કામના અરજદાર/આરોપી બનાવ બન્યા બાદ નાસતા ફરતા રહેલ છે. જેથી તેઓની સામે સી.આર.પી.સી.કલમ ૭૦ મુજબનું વોરંટ કાઢવામાં આવેલ હતું. હાલના કામના અરજદાર/આરોપી નામદાર હાઈકોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે ફો.પ.અ.નં.૧૬૮૫/૨૦૨૬ થી જામીન અરજી

કરેલ હતી જે વિડ્રો કરવામાં આવેલ હતી. આમ, હાલના કામના અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી શ્રી એચ.બી.ચૌહાણ, પોલીસ સબ ઈન્સપેકટર, જૂનાગઢ સી.ડીવી.પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામે હાજર નહી મળી આવેલ હાલના અરજદાર/આરોપી, રહે.જુનાગઢ ગાંધીગ્રામ, લીરબાઈપરાવાળાએ ગે.કા.રીતે ગુજરાત રાજયમાં પ્રતિબંધિત ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના કબજા ભોગવટાના મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી નંગ–૧૪૩, બોટલ નંગ–૧૭૧૬, કિં.રૂા.૬,૮૬,૪૦૦/– નો મુદદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવેલ તથા સદર દારૂની પેટીઓ મોકલનાર લઈ આવનાર તથા તપાસમાં ખુલે તે તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં પ્રથમથી જ નામ રહેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.પ.અ.નં.૧૬૮૫/૨૦૨૬ થી હાલના ગુનાના કામે આગોતરા જામીન મેળવવા અરજી કરેલ હતી જે વિડ્રો કરવામાં આવેલ છે. વધુમાં રેકોર્ડ ધ્યાને લેતા હાલના કામેના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાનુ ફલિત થાય છે. તેમજ અરજદાર/આરોપી હાલના કામના ગુના બાદ લાબાં સમયથી નાસતા ફરતા રહેલ છે અને તેઓ સામે ક્રી. પ્રો.કાડની કલમ–૭૦ મુજબનુ વોરંટ પણ કાઢવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના

અરજદાર/આરોપી સામે આવા પ્રકારના અન્ય ગુનાઓ પણ નોંધવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. વધુમાં ગુજરાત રાજયમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઘુસાડવામાં આવેલ છે. જેથી તે બાબતેની આગળની તપાસ માટે તે હાલના કામના અરજદાર/આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી બની છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોય કે તેઓને ખોટી રીતે સં ડોવી દેવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– : હુકમ :–</u>**

– હાલના અરજદાર/આરોપી લાખા પરબતભાઈ કોડીયાતર, રહે. લીરબાઈ પરા, રાજીવ નગર, રામદેવપીર મંદીરની સામે, ગાંધીગ્રામ, જુનાગઢવાળાની જૂનાગઢ સી.ડીવી.પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૦૪૨૪૦૪૯૦/૨૦૨૪, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)